# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ:-01

તા.20-03-2021

**સુરત સુરક્ષિત છે, ખોટી અફવાઓથી ભરમાવું નહીં:- શ્રી સી.આર.પાટીલ**

**રાજયમાં લોકડાઉનની વાતો માત્ર ને માત્ર અફવા છે કોઈપણ કામદારે રાજ્ય છોડીને જવાની જરૂર નથી:- શ્રી સી.આર.પાટિલ**

**ગુજરાત સરકાર અને મહાનગરપાલિકા કોરોનાના સંક્રમણને અટકાવવા માટે સજ્જ છે:- શ્રી સી.આર.પાટિલ**

પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે મીડિયાને સંબોધતા જણાવ્યુ કે, છેલ્લા કેટલાક દિવસથી દેશના અલગ-અલગ રાજ્યોમાં કોરોનાના કેસોમાં વધારો જોવા મળ્યો છે તે અંતર્ગત ગુજરાતમાં પણ કેસોમાં વધારો થયો છે. અન્ય રાજ્યોમાંથી પ્રવાસીઓ આવતા હોવાના કારણે પણ કોરોનાનો પ્રસાર વધુ થયો હોય તેવું લાગી રહ્યું છે.

શ્રી પાટીલે ભારપૂર્વક જણાવ્યુ કે, ગુજરાત સરકાર અને મહાનગરપાલિકા કોરોનાના સંક્રમણને અટકાવવા માટે સજ્જ છે. સુરત શહેરના ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં અમુક લોકો દ્વારા ભય બતાવીને રાજ્ય બહારના લોકોને વતન પરત ફરવાની ફરજ પાડવામાં આવી રહી છે તેવું ધ્યાને આવ્યું છે, પરંતુ એવી કોઈ બાબત નથી અને સુરત શહેર સુરક્ષિત છે.

ગુજરાત સરકાર, વિવિધ સામાજિક સંસ્થાઓ, ડોક્ટર મિત્રો, મેડિકલ સ્ટાફ તેમજ પોલીસ કર્મીઓ કોરોના સામે લડવા અને બનતી તમામ મદદ કરવા ખડેપગે તૈયાર છે. કોઈપણ વ્યક્તિને ડરવાની કોઈ જરૂર નથી. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ પણ આજે જણાવ્યુ છે કે, કોઈ પણ સંજોગોમાં લોકડાઉન કરવામાં આવશે નહીં, થોડાક સમયમાં વિવિધ પગલાઓ થકી કોરોનાને કંટ્રોલ કરી લઈશું. અફવાઓમાં ભેરવાયા વગર સૌ લોકોને કામે લાગી જવા અને જેવી રીતે સુરતમાં રહી રહ્યા છો તેવીજ રીતે શાંતિથી રહો તેવી અપીલ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે કરી હતી.

---

પ્રદેશ મીડિયા કન્વીનરશ્રી

ડૉ યજ્ઞેશ દવે